અપીલ અરજી નં.૧૦૬ તા.૨૧–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૧–૫–૧૦ ની અરજીથી સાઉથઝોન (ઉધના)તથા સા.ઈ.ઝોન (લીંબાયત) બંને ઝોનમાં જાહેર માહિતી અધિકારીના અધિકારી કાયદા–૨૦૦૫ હેઠળ સને ૨૦૦૯–૧૦ તા.૧–૪–૦૯ થી તા.૩૧–૩–૧૦ સુધી મુદ્દા નં.૧ માહિતી મેળવવા કેટલી અરજીઓ મળેલ છે? આમ મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૦૬/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૧–૫–૧૦ ની અરજીથી સાઉથઝોન (ઉધના)તથા સા.ઈ.ઝોન (લીંબાયત) બંને ઝોનમાં જાહેર માહિતી અધિકારીના અધિકારી કાયદા–૨૦૦૫ હેઠળ સને ૨૦૦૯–૧૦ તા.૧–૪–૦૯ થી તા.૩૧–૩–૧૦ સુધી મુદ્દા નં.૧ માહિતી મેળવવા કેટલી અરજીઓ મળેલ છે? આમ મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./૨૮૯ તા.૨૭–૫–૧૦ થી ઉપલબ્ધ રેકર્ડ /તુમારો ના દફતરી ચકાસણી માટે જણાવેલ પરંતુ દફતરી ચકાસણી કરવા દિધેલ ન હોવાનું જણાવી તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૩૦ તા.૧૬–૬–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૪૦૪ તા.૨૯–૬–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત રજુ કરેલ ન હોઈ તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. વધુમાં આરટીઆઈ સેલ/૨૫૮ તા.૨૪–૫–૧૦થી કરેલા હુકમ બાબતે તેમની અપીલમાં રજુઆત તથા તા.૭–૬–૧૦ ના પત્રથી રજુઆત સંદર્ભે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮૪ તા.૨૩–૬–૧૦ થી અલાયદો પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આ. નં. ૧૨૦૩ તા.૫–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સાઉથઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૭૮ તા૧૨–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને અરજી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૩૦ તા.૧૬–૬–૧૦ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગે યુપીસી પુરાવાની નકલ , સા.ઈ.ઝોન/મહેકમ/૧૧૯૪ તા.૫–૭–૧૦ ના પત્રની નકલ તથા તેના યુપીસી કર્યા અંગે પુરાવાની નકલ તથા લીંબાયતઝોનમાં એપ્રિલ–૦૯ થી માર્ચ–૨૦૧૦ સુધી આવેલ અરજીઓ અંગેના ત્રિમાસિક પત્રની નકલ અત્રે મળેલ છે.જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક.૩૩૦ તા.૫–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને પાઠવેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૨૮૯ તા.૨૭–૫–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૨–૭–૧૦ ના રોજ મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની વિગત મળેલ છે.

અરજદારની તા.૧૧–૫–૧૦ ની અરજીથી સાઉથઝોન (ઉધના)તથા સા.ઈ.ઝોન (લીંબાયત) બંને ઝોનમાં જાહેર માહિતી અધિકારીના અધિકારી કાયદા–૨૦૦૫ હેઠળ સને ૨૦૦૯–૧૦ તા.૧–૪–૦૯ થી તા.૩૧–૩–૧૦ સુધી માહિતી મેળવવા કેટલી અરજીઓ મળેલ છે? (૨) કેટલી અરજીઓનો સમય મર્યાદામાં માહિતી આપી છે? (૩)કેટલી અરજીઓની સમય મર્યાદા પછી માહિતી આપી છે. (૪)કેટલી અરજીઓની અપીલ સત્તાધિકારીના હુકમ પછી માહિતી આપી છે. (૫) કેટલી અરજીઓની અપીલ સત્તાધિકારીના હુકમ પછી પણ માહિતી આપી નથી. આમ મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/ ૨૭૮ તા.૧૨–૫–૧૦ થી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/ ૯૩૦ તા.૧૬–૬–૧૦ થી મુદ્દા નં.૧ સા.ઈસ્ટઝોન ખાતે અરજીમાં જણાવ્યા મુજબની સને ૨૦૦૯–૧૦ ની અરજદાર તરફથી પાંચ અરજીઓ મળેલ છે. (૨) ત્રણ અરજીઓનો જવાબ સમય મર્યાદામાં આપેલ છે. (૩) બે અરજીઓની માહિતી સમય મર્યાદા પછી આપેલ છે જે પૈકી બંને અરજીની મોડેથી માહિતી આપનાર લાગત અધિકારીશ્રી ડે.ઈજનેર આઈ જી. ભગત અને ડે.ઈજનેર જે એલ. ભટ્ટના તાબા હેઠળના જુની. ઈજનેર/આસી. ઈજનેરને લાગુ પડતી હતી. (૪ અને ૫) અપીલ અધિકારીના હુકમ પહેલાજ તમામ અરજીઓની માહિતી પૂરી પાડેલ છે. તેવું જણાવેલ છે. જયારે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.જોન/ટેક/૨૮૯ તા.૨૭–૫–૧૦ થી " હાલમાં ઉધનાઝોનના શહેર વિકાસ વિભાગનો સ્ટાફ વિવિધ ઝુંપડપટ્ટી સીફટીંગ તેમજ સેન્સસની અંતિમ તબકકાની કામગીરીમાં વ્યસ્ત હોય તમારી અરજીની સમયસર માહિતી આપી શકાય એમ ન હોય તમારા ધ્વારા માંગવામાં આવેલી માહિતી અંગેના ઉપલબ્ધ રેકર્ડ/તુમારોની ચકાસણી અર્થે અગાઉથી સમય મેળવી ઉધનાઝોન શહેર વિકાસ ખાતામાં તા.૩૧–૫–૧૦ ના રોજ રૂબરૂ હાજર થઈ માહિતી મેળવી શકો છો તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૧–૬–૧૦ ના રોજ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૩૦ તા.૧૬–૬–૧૦ અને પત્ર

નં.સા.ઝોન/ટેક./૨૮૯ તા.૨૭–૫–૧૦ થી નારાજ થઈ ઉધનાઝોન ધ્વારા વારંવાર પુછતાછ કરવા છતાં પત્રના અનુસંધાનમાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા દીધેલ નથી તેવું જણાવેલ છે. જયારે સા.ઈસ્ટ ઝોન લીંબાયત ધ્વારા ફકત અરજદારની અરજીઓનો જવાબ આપેલ છે. પરંતુ જનરલ વિગતો આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરવામાં આવેલ છે તથા હુકમોનો અમલ થતો નથી તેવી રજૂઆત તથા શિક્ષાત્મક કાર્યવાહી અંગેની રજૂઆત કરેલ છે. આમ જોતાં લીંબાયતઝોન તરફથી આપવામાં આવેલી માહિતી અરજદારની માહિતી પૂરતી મર્યાદિત જણાય છે. જયારે તમામ અરજીઓની માહિતી અરજદાર તરફથી માંગવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૧૯૪ તા.૫–૭–૧૦ થી મુદ્દા નં.૧ અને ૨ બાબતે લીંબાયતઝોનમાં આવેલ સને ૨૦૦૯–૧૦ એપ્રિલ–૦૯ થી માર્ચ–૧૦ સુધી ત્રિમાસિક અહેવાલોની વિગતો નિયત સમય અવધિ બાદ પૂરી પડાયેલ છે. જયારે અન્ય મુદ્દા નં.૩ થી ૫ અંગે તા.૯–૭–૧૦ ના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન વિના મૂલ્યે દફતરી ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે. પરંતુ અરજદાર દફતરી ઈન્સ્પેકશન માટે હાજર રહેલ નથી તેવું જાહેર માહિતી અધિકારી તરફથી પુનઃ પૂરક વિગતોમાં પણ જણાવવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી વિલંબથી અરજદારને માહિતી પૂરી પાડવા સઘળા પ્રયાસ કરવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી માહિતી અંગે જણાવેલ ઈન્સ્પેકશન અરજદારને પુરું પાડવામાં આવેલ નથી. તેમજ માહિતી પણ અરજદારને પૂરી પાડેલ જણાતી નથી.

આરટીઆઈ એકટ હેઠળની અરજી અને નિકાલ અંગે કાર્યરત કોમ્પ્યુટર પ્રોગ્રામ ધ્યાને લેતાં અપીલીય હુકમ સિવાયની માહિતી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન પણ પ્રોગ્રામના માધ્યમથી પત્રક આપી શકયા હોત. જયારે અપીલીય હુકમ પુરતું તપાસણી માટે જાણાવી શકયા હોત.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૧–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી નિયત કોમ્પ્યુટર પ્રોગ્રામ આધારીત પત્રક આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા તથા અપીલીય બાબતે હુકમ પછીની માહિતી દિન–૭ ની અવધિમાં તપાસણી પૂરી પાડી માહિતી ઉપલબ્ધ કરાવવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. તેમજ અરજદાર ઈચ્છુક હોય તો લીંબાયતઝોનની માહિતી અંગે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ધ્વારા દર્શાવેલ તૈયારી મુજબ ઈન્સ્પેકશન મેળવી જરૂરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન... ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,